પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩ | ૪ એપ્રિલ, ૨૦૧૯, ગુરૂવાર; ફાગણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### કાળિયાર કેસની સુનવણી ફરી ટળી

કાળિયાર મામલે સીજેએમ ગ્રામિણ કોર્ટના આદેશ વિરૂદ્ધ સલમાનખાનની તરફથી દાખલ કરેલ સુનવણી ટાળી દેવામાં આવી છે. આ મામલે સુનવણી ૪ જુલાઈએ થશે. સલમાનખાને ૫ વર્ષની સજા વિરૂદ્ધ જિલ્લા સત્ર ન્યાયાલયમાં અપીલ કરી છે.

### કન્હૈયાકુમાર પર હુમલો

બિહારના બેગુસરાયના સીપીઆઈ ઉમેદવાર કન્હૈયાકુમારના કાફલા પર હુમલો થયો છે. તેઓ પ્રચાર માટે જઈ રહ્યા હતા ત્યારે અસામાજિક તત્વોએ સડક પર ચક્કાજામ કર્યો હતો અને કાર્યકરો સાથે માથાકુટ કરી હતી.

### અખિલેશ યાદવ વિરૂદ્ધ ભોજપુરી સ્ટાર

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણી માટે જાહેર કરેલ યાદીમાં ભોજપુરી સ્ટાર દિનેશલાલ યાદવ નિરહુઆને અખિલેશ યાદવ વિરૂદ્ધ આઝમગઢથી ચૂંટણીમાં ઉભા રાખ્યા છે. ભોજપુરી સ્ટાર નિરહુઆ તાજેતરમાં જ ભાજપમાં દાખલ થયા છે.

### કોલસેન્ટર કૌભાંડ મામલે એક ભારતીયને સજા

અમેરિકામાં કોલ સેન્ટર કૌભાંડ મામલે દોષી ઠરાવેલ ભારતીય નાગરિકને ૧૬ માસની કેદની સજા સંભળાવાઈ છે. ૩૪૦થી વધુ લોકો સાથે ૨,૦૦,૦૦૦ અમેરિકી ડોલરથી વધુની છેતરપીંડી થઈ હતી.

# આ વર્ષે વરસાદ સામાન્ય કરતા ઓછો રહેશે

**સ્કાયમેટની આગાહીથી કૃષિ અને ઉદ્યોગ સમુદાયમાં ચિંતા : ૨.૬ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિ તેમજ કૃષિ ક્ષેત્રના દેખાવ ઉપર માઠી અસર થશે : દુષ્કાળની ૧૫ ટકા તકો : વધારે પડતો વરસાદ નહીં**



નવીદિલ્હી, તા. ૩

દેશની એકમાત્ર ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટ દ્વારા ચિંતાજનક આગાહી કરવામાં આવી છે. સ્કાયમેટના કહેવા મુજબ આ વર્ષે મોનસુની વરસાદ સામાન્ય કરતા ઓછો રહેશે. દુષ્કાળ માટેની તકો ૧૫ ટકા રહેલી છે પરંતુ વધારે પડતા વરસાદની કોઈપણ પ્રકારની સંભાવના દેખાઈ રહી નથી. આવી સ્થિતિમાં આંકડા ઉદ્યોગ જગત, કૃષિ સમુદાય અને સરકાર માટે પણ ચિંતાજનક છે. સ્કાયમેટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ૨.૬ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં આર્થિક વિકાસ અને ઉંચા કૃષિ વધારાની શક્યતા આ આગાહીના કારણે ધુંધળી બની છે. સ્કાયમેટના મેનેજિંગ ડિરેક્ટર જતિન સિંહે આગાહી કરતા કહ્યું છે કે, પેસિફિક ઓશિયન અથવા તો પ્રશાંત મહાસાગર સરેરાશ કરતા વધારે ગરમ બનતા આ સ્થિતિ સર્જાઈ છે. મોડલ આગાહીમાં માર્ચ-મે મહિનાના ગાળા દરમિયાન અલનીનોની ૮૦ ટકા શક્યતા રહેલી છે જ્યારે જૂનથી ઓગસ્ટ દરમિયાન ૬૦ ટકાની શક્યતા રહેલી છે. આનો મતલબ એ થયો કે, અલનીનો વર્ષ તરીકે રહી શકે છે. મોનસુન ૨૦૧૯માં સામાન્ય કરતા ઓછો વરસાદ રહેનાર છે. મોનસુનની સિઝનમાં ભારતમાં

● અનુસંધાન પાન-૭ પર

## ત્રાસવાદી હુમલામાં સામેલ નિસાર ભારતને સુપ્રત

**કાવતરાખોરને સંયુક્ત અરબ અમિરાતે સોંપ્યો : પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદી સંગઠન જેશે મોહમ્મદનો ત્રાસવાદી ભારતને સોંપાયો : યુએઇએ દાખલો બેસાડ્યો**

નવી દિલ્હી,તા. ૩

સંયુક્ત અરબ અમિરાતે વધુ એક ખતરનાક ત્રાસવાદીને ભારતને સોંપીને મોટો દાખલો બેસાડ્યો છે. આ વખતે યુએઈ દ્વારા પાકિસ્તાન સ્થિત ત્રાસવાદ સંગઠન જેશે મોહમ્મદના સભ્ય નિસાર અહેમદ તાંત્રેને ભારતને સોંપી દેવામાં આવ્યો છે. જેશનો આ ત્રાસવાદી જમ્મુ કાશ્મીના લેથપોરા સ્થિત સીઆરપીએફ કેમ્પ પર ડિસેમ્બર ૨૦૧૭માં થયેલા હુમલામાં મુખ્ય કાવતરાખોર તરીકે હતો. ૩૦-૩૧ ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે કરવામાં આવેલા હુમલામાં પાંચ સુરક્ષા જવાનો શહીદ થયા હતા. એ વખતે ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. નિસાર જેશના દક્ષિણ કાશ્મીરના ડિવીઝનલ કમાન્ડર નુર તાંત્રેનો બાઈ છે. નિસારને રવિવારના દિવસે ખાસ વિમાન મારફતે દિલ્હી લાવવામાં આવ્યો હતો. તેને એનઆઈએને સોંપી દેવામાં આવ્યો છે. એનઆઈએની ટીમ હાલમાં લેથપોરા હુમલાના મામલે તપાસ કરી રહી છે. એનઆઈએ કોર્ટ દ્વારા તેની સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યુ હતુ. જેના આધાર પર તેની ધરપકડ કરવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે ત્રાસવાદીઓની ભરતીમાં પણ તે સામેલ હતો. સંયુક્ત અરબ અમિરાત દ્વારા તેને હવે ભારતને સોંપી દીધો છે. હુમલાને અંજામ આપવામાં આવ્યા બાદ તે ફરાર થઈ ગયો હતો. નુર તાંત્રે ખીણમાં જોરદાર રીતે સક્રિય થયેલો હતો. તેને ડિસેમ્બર ૨૦૧૭માં એક એન્કાઉન્ટરમાં ઠાર કરી દેવામાં આવ્યોહતો.



# જેટના કાફલામાં માત્ર ૧૫ વિમાન

**આંતરરાષ્ટ્રીય ઉંડાણો બંધ થાય તેવી સંભાવના : હાલત ખુબ કફોડી : દેવામાં ડુબેલી એરલાઈન્સની મુશ્કેલી દિનપ્રતિદિન વધી**

મુંબઈ, તા. ૩

જેટ એરવેઝની સ્થાનિક ઉંડાણ માટે હવે માત્ર ૧૫-૧૨ વિમાન બચ્યા છે. આજની તારીખમાં જેટ ભારતની સૌથી નાની એરલાઈન્સ બની ગઈ છે. આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનોના મામલામાં જેટ એરવેઝની હાલત સારી રહી નથી. દેવા હેઠળ ડુબેલી એરલાઈન્સે પોતાના પાયલોટોને એમ પણ કહ્યું છે કે, તેઓ લાંબી રજા ઉપર જતા રહે અથવા તો પગાર વગર રજા લઈ શકે છે.

આંતરરાષ્ટ્રીય ઉંડાણ ભરવા માટે નિયમો મુજબ જેટલા વિમાનોની જરૂર હોય છે તેટલા વિમાન એરલાઈન્સની પાસે રહ્યા નથી. જેટ એરવેઝની પાસે ૨૯ ટેન ૭૩૭એનજી, સાત એટીઆર અને એક ડઝન એરસબ એ૩૩૦ની સાથે બોઈંગ ૭૭૭ વિમાન છે. ડિસેમ્બર મહિનામાં એરલાઈન્સની પાસે ૧૨૪ વિમાનો હતા. ૪એ૩૩૦ અને બોઈંગ ૭૭૭ વિમાન આંતરરાષ્ટ્રીય ઉંડાણ માટે ઉપયોગ કરવામાં આવે છે જ્યારે ૭૩૭એનજી વિમાન આસપાસના દેશો સુધી ઉંડાણ ભરે છે.

● અનુસંધાન પાન-૭ પર




## જાહેર નોટીસ



આથી હું નીચે સહી કરનાર રમણભાઈ સનાભાઈ પરમાર, રહે. પ્લોટ નં. ૧૨૪૯/૧, સેક્ટર નં. ૨/એ, ગાંધીનગરના આ નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે,

મારો પુત્ર નામે દક્ષેશ રમણભાઈ પરમાર (ઉ.વં. ૩૭) તથા મારા પુત્રવધુ મનીષા દક્ષેશ પરમાર (ઉ.વ. ૩૩), કે જેઓ અમોના કહ્યામાં નથી અને અમારે તેમની સાથે કોઈપણ જાતનો આર્થિક કે સામાજીક સંબંધ નથી અને જે કોઈ વ્યક્તિ તેમની સાથે કોઈપણ પ્રકારનો સામાજીક વ્યવહાર કે નાણાંકીય વ્યવહાર કરશે તો તેની જવાબદારી અમારી રહેશે નહીં. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા નોંધ લેશો.

તા. ૩/૪/૨૦૧૯ સહી/-
મુ. ગાંધીનગર (તોરલ એમ. રાઠોડ)
સહી/- એડવોકેટ
'સુચના અને ફરમાઈશ અન્વયે'
રમણભાઈ સનાભાઈ પરમાર


# મમતા બેનર્જી વિકાસ આડે સ્પીડ બ્રેકર બન્યા છે : મોદી

**પશ્ચિમ બંગાળ અને અરુણાચલ પ્રદેશમાં મોદી દ્વારા ઝંઝાવતી પ્રચાર : વિકાસને રોકવાની મમતાની ગતિવિધિના લીધે પ્રદેશના લાખો લોકોને નુકસાન થઇ રહ્યું છે : કોંગ્રેસનો હાથ દેશદ્રોહીઓની સાથે હોવાનો પણ કરેલો આક્ષેપ**

પાસીઘાટ,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળ અને અરુણાચલ પ્રદેશમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. સવારમાં અરુણાચલ પ્રદેશમાં અને બપોરના ગાળામાં પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં પ્રચાર માટે પહોંચ્યા હતા. ભાજપના ચૂંટણી પ્રચારને ભાર આપતા મોદીએ બંગાળમાં સત્તારુઢ તૃણમુલ કોંગ્રેસ સહિત ડાબેરી અને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. મોદીએ પ્રદેશના મુખ્યમંત્રી મમતા બેનર્જીને સ્પીડ બ્રેકર દીદી તરીકે ગણાવીને કહ્યું હતું કે, રાજ્યમાં વિકાસને રોકવાનું કામ મમતા બેનર્જી કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, મમતા બેનર્જી વિકાસ માટે સ્પીડબ્રેકર બની ચુક્યા છે. કોંગ્રેસ અને મમતા બેનર્જીને ગરીબી જોઈએ છે જેથી મત મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ગરીબ જ્યારે બિમાર થાય છે ત્યારે સૌથી મોટી

● અનુસંધાન પાન-૭ પર

# અમેરિકા ભારતને આપશે ૨૪ એમએચ-૬૦ આર રોમિયો હેલિકોપ્ટર

**હેલિકોપ્ટરથી ફાયર થશે મિસાઇલ, વિરોધીઓની સબમરીનને તોડી પાડવા અને દરિયામાં સર્ચ-બચાવ અભિયાનમાં પણ આ હેલિકોપ્ટર ખૂબ મદદગાર**

વૉશિંગ્ટન,તા.૩

અમેરિકાએ ભારતને ૨૪ એમએચ-૬૦ આર રોમિયો સીહોક હેલિકોપ્ટર વેચવાની મંજૂરી આપી છે. અમેરિકન વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતને આ હેલિકોપ્ટર રૂ. ૧૬ હજાર કરોડમાં વેચશે. હેલિકોપ્ટર દુશ્મનની સબમરીન નષ્ટ કરવા સિવાય જહાજોને હાંકી કાઢવા અને દરિયામાં સર્ચ અને બચાવ ઓપરેશનમાં પણ ખૂબ મદદગાર સાબીત થશે.

રોમિયો સીહોક હેલિકોપ્ટરને લોકહીડ-માર્ટિન કંપનીએ બનાવ્યા છે. આ બ્રિટિશ સી કિંગ હેલિકોપ્ટરની જગ્યા લેશે. મંગળવારે ટ્રમ્પ પ્રશાસને ભારતને ૨૪ હેલિકોપ્ટર વેચવાનું નોટિફિકેશન જાહેર કર્યું છે. હેલિકોપ્ટરની પ્રસ્તાવિત વેચાણથી ભારત અને અમેરિકાની રણનીતિના સંબંધો મજબૂત થશે. ભારત, અમેરિકાનું ખૂબ મોટુ ડિફેન્સ માર્કેટ છે. આ ડીલથી ઈન્ડો-પેસિફિક અને દક્ષિણ એશિયામાં સ્થાયિત્વ શાંતિ જાળવી રાખવામાં મદદ મળશે. બીજી બાજુ રોમિયો હેલિકોપ્ટરથી ભારતીય ફોજની એન્ટી સરફેસ અને એન્ટી સબમરીન સુરક્ષા ક્ષમતામાં પણ વધારો થશે.

● અનુસંધાન પાન-૭ પર


## RECRUITMENT

**Samarpan Education & Research Campus**
Nr. KH-7, Samarpan Circle, Sector-28, Gandhinagar-28

**Samarpan Science and Commerce College**
Assistant Professor :
Chemistry, Physics, Statistics & Economics

**Samarpan School of Law**
Principal : 1- Post
Assistant Professor : Law- 5 Post

Qualification & Experiences : Minimum eligibility as per the rules & regulation of U.G.C. /B.C.I and Gujarat University.

**Samarpan Institute of Vocational Courses**
M L T Faculty (Trainer) - 2 Post
Qualification : B.Sc. with Three years experience or M.Sc. & M LT

**Administrative Wing**
Office Assistant : 1 Post
Qualification : Graduate, Computer knowledge in Gujarati - English & Administrative experience in Higher Education Institutes

The eligible candidate may apply with latest resume and relevant documents to the Registrar at above address within 15 days from this advertisement.
Application sent by Post / Currier or on
Mail ID: principal.sci@samarpancampus.ac.in,
or principal.law@samarpancampus.ac.in
or registar@samarpancampus.ac.
Eligible candidates shall be informed about interview schedule through Email and Phone. Please mention the name post and institute on the cover

Note: Ph.D Degree and higher experience candidate will be preferred and considered.



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧



An award winning diagnostics company with a focus on quality and customer service having approximately 6.6 million* patient visits through 1631^ patient touch points across India and abroad.

THE PATHOLOGY SPECIALIST

- Widespread presence covering 197 cities across 19* states in India, with leadership position in West and South India#
- Conducted approximately 16 million tests from approximately 7.7 million patient visits during FY 2018
- Laboratory network comprising 115 clinical laboratories*
- Offering approximately 3,487 clinical laboratory tests and 530 profiles^
- Service network comprising 1,631 and 9,552 Patient and Institutional touch points for servicing individual and institutional patients respectively*
- Third largest diagnostics service provider in India, by revenue**
- Well-recognized brand that has won awards such as "Excellence in Customer Service and Delivery" by Biotrains in 2018
- Robust information technology infrastructure with focus on improving efficiency
- Established track record of successful acquisition and integration in India and overseas

(* For 9 month period ended December 31, 2018) (# Source: Frost & Sullivan) (** as of March 31, 2018) (^ as of December 31, 2018)




METROPOLIS HEALTHCARE LIMITED is proposing, subject to, applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has registered the Red Herring Prospectus with RoC. The Red Herring Prospectus shall be available on the websites of SEBI, BSE, NSE at www.sebi.gov.in, www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the Book Running Lead Managers ("BRLMs"), i.e. JM Financial Limited, Credit Suisse Securities (India) Private Limited, Goldman Sachs (India) Securities Private Limited, HDFC Bank Limited and Kotak Mahindra Capital Company Limited at www.jmfl.com, www.credit-suisse.com, www.goldmansachs.com, www.hdfcbank.com and www.investmentbank.kotak.com, respectively. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see "Risk Factors" beginning on page 20 of the RHP. Potential investors should not rely on the DRHP for any investment decision. These materials are not for publication or distribution, directly or indirectly, in or into the United States (including its territories and possessions, any state of the United States and the District of Columbia). These materials are not an offer of securities for sale into the United States, Canada or Japan. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) to "qualified institutional buyers" (as defined in Rule 144A ("Rule 144A")) under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act. No public offering of securities is being made in the United States.

Adfactors 548